તા. ૨-૮-૨૦૨૪
ગાંધીનગર ભાસ્કર
પાના નં. ૧

# આજે ગાંધીનગરનો 60મો સ્થાપના દિવસ મૂળ કોઈનું નહીં છતાં સૌના દિલમાં વસેલું પાટનગર- ગાંધીનગર

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર | ગુજરાતનું પાટનગર ગાંધીનગર આજે પોતાનો 60મો જન્મ દિવસ ઉજવી રહ્યું છે. 1960માં ગરવા ગુજરાતની સ્થાપના થયા બાદ અમદાવાદની ભીડભાડથી દૂર શાંત અને રમણીય સ્થળે ગુજરાતની રાજધાની સ્થાપવાનો વિચાર કરાયો અને 2જી ઓગસ્ટ 1965ના રોજ ગાંધીનગરની સ્થાપનાની પ્રથમ ઇંટ મૂકાઇ હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સન્માનમાં શહેરનું નામ ગાંધીનગર રાખવામાં આવ્યું હતું. આ શહેરની ખાસિયત એ છે કે શહેર કોઇનું મૂળ વતન નથી, છતાં સૌના દિલમાં છે. છેલ્લા 5 દાયકામાં ગાંધીનગર ગુજરાતના કોઇપણ મોટા શહેરની સરખામણીએ સુવિધાસભર અને સુંદર બન્યું છે.

## કર્મચારીઓના નગરથી મેટ્રો સિટી સુધીની સફર

શરૂઆતના સમયમાં માત્ર કર્મચારીઓના નગર તરીકે ઓળખાતા પાટનગરમાં હવે અનોખી વાયબ્રન્સી જોવા મળે છે. મહાત્મા મંદિર અને ગિફ્ટ સિટીએ તેને વૈશ્વિક ઓળખ અપાવી છે. મેટ્રો રેલની સુવિધા મેળવનાર રાજ્યનું બીજું શહેર બન્યું છે. રીયલ એસ્ટેટમાં પણ અમદાવાદ અને સુરતની હરોળમાં ઉભું છે.

શૈક્ષણિક ક્ષેત્રમાં, ગાંધીનગરનું ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IITGN), નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID) વગેરે દેશના શ્રેષ્ઠ સંસ્થાઓમાં ગણાય છે. આ સંસ્થાઓમાં દેશ-વિદેશના વિદ્યાર્થી અને પ્રોફેસર શૈક્ષણિક અને રિસર્ચ પ્રવૃત્તિઓમાં કાર્યરત છે.

આજના દિવસે 60 વર્ષના સફરમાં, ગાંધીનગર શહેર પોતાના ઉજવળ ભવિષ્ય તરફ આગળ વધી રહ્યું છે. ટેક્નોલોજી અને ઈનોવેશનના વિકાસ સાથે જોડાયેલા આ શહેરને 'સ્માર્ટ સિટી' તરીકે ડિઝાઈન કરવાનું આયોજન ચાલી રહ્યું છે. શહેરમાં નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, ટ્રાન્સપોર્ટેશન અને કમ્યુનિકેશન સિસ્ટમ્સ, અને અન્ય સુવિધાઓનો સતત વિકાસ થઈ રહ્યો છે. 1960માં ગરવા ગુજરાતની સ્થાપના થયા બાદ અમદાવાદની ભીડભાડથી દૂર શાંત અને રમણીય સ્થળે ગુજરાતની રાજધાની સ્થાપવાનો વિચાર કરાયો અને 2જી ઓગસ્ટ 1965ના રોજ ગાંધીનગરની સ્થાપનાની પ્રથમ ઇંટ મૂકાઇ હતી.



## નવા અને વિસ્તૃત ફલાયઓવર અને રોડ કનેક્શન પ્રોજેક્ટ્સની કામગીરી ચાલુ છે

શહેરમાં હાલ ઘણા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ ચાલી રહ્યા છે, જે શહેરના વિકાસને નવી ઉંચાઈઓ પર લઇ જશે. ગાંધીનગર સ્માર્ટ સિટી મિશન હેઠળ શહેરમાં અનેક આધુનિકીકરણના પ્રોજેક્ટ્સ ચાલુ છે. જેમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, સ્માર્ટ વોટર મેનેજમેન્ટ અને ઈન્ટિગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ્સ દ્વારા શહેરને સ્વચ્છ, સલામત અને સ્માર્ટ બનવવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં નવા અને વિસ્તૃત ફલાયઓવર અને રોડ કનેક્શન પ્રોજેક્ટ્સ પણ ચાલુ છે. તે સાથે અર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તૃત થતી આવશ્યકતાઓને ધ્યાનમાં રાખીને હેલ્થ સેન્ટર્સની પણ સ્થાપના કરવામાં આવી રહી છે.

## સંસ્થાઓ આજે કેક કાપી જન્મ દિવસ ઉજવશે

ગાંધીનગરની સૌપ્રથમ ઈંટ મૂકાઇ હતી તે સેક્ટર-30 જીઈબી કોલોનીના ગેસ્ટ હાઉસ ખાતે શહેર વસાહત મહામંડળના અધ્યક્ષ અરૂણ બૂચ, શહેર વસાહત મહાસંઘના અધ્યક્ષ કેસરીસિંહ બિહોલા સહિતના અગ્રણીઓ, મેયર સહિતના પદાધિકારીઓ અને આગેવાનોની ઉપસ્થિતિમાં કેક કાપી શહેરનો સ્થાપના દિવસ ઉજવવામાં આવશે.